# ડિજિટલ ક્રાંતિથી ભ્રષ્ટાચારમાંથી મુક્તિ મળી

## ડિજિટલ ક્રાંતિથી ભ્રષ્ટાચાર પર લગામ લાગી અને લાઈનોમાંથી મુક્તિ મળી : વડાપ્રધાન મોદી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ડિજિટલ ઈન્ડિયા વીક ૨૦૨૨નું ઉદ્ઘાટન કર્યું







ગાંધીનગર, તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ડિજિટલ ઈન્ડિયા વીક ૨૦૨૨નું ઉદ્ઘાટન કર્યું હતું અને ઈન્ડિયાસ્ટેક ગ્લોબલ, માય સ્કીમ, મેરી પહેચાન, ડિજિટલ ઈન્ડિયા ભાષીની, ડિજિટલ ઈન્ડિયા જેનિસિસ, ચીપ્સ ટુ સ્ટાર્ટઅપ પ્રોગ્રામ તથા કેટલાઈઝીંગ ન્યૂ ઈન્ડિયાઝ ટેકેડની ઈ-બુક જેવી ૭ પહેલને લોન્ચ કરી હતી. આ પ્રસંગે તેમણે ટેકનોલોજીનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, આજે ડિજિટલ અભિયાનના કારણે લોકોને બર્થ સર્ટિફિકેટ, રાશન, બેંક સેવા વગેરે માટે લાઈનમાં ઊભા રહેવામાંથી મુક્તિ મળી છે. તેમણે કહ્યું કે, ડિજિટલ અભિયાનના કારણે ભ્રષ્ટાચાર પર પણ અંકુશ લાગ્યો છે. તેમણે કહ્યું કે, ભારતે ડિજિટલ અભિયાનને સમગ્ર વિશ્વની સામે રાખ્યું છે. પીએમએ કહ્યું કે, આજનો કાર્યક્રમ ૨૧મી સદીના ભારતની ઝલક છે.

પીએમ મોદીએ કહ્યું કે, મને ખુશી છે કે ૮ વર્ષ પહેલા શરૂ થયેલું અભિયાન બદલતા સમયની સાથે ખુદને વિસ્તાર આપી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, ૮-૧૦ વર્ષ પહેલા બેંકથી લઈને રાશન સહિત અનેક કામ માટે લાઈનો લાગતી હતી. પરંતુ હવે ડિજિટલ ક્રાંતિને કારણે આ તમામ સુવિધા ઓનલાઈન થઈ છે. તેમણે જણાવ્યું કે, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરથી છેલ્લા ૮ વર્ષમાં ૨૩ લાખ કરોડ રૂપિયા સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં મોકલવામાં આવ્યા છે. આ ટેક્નોલોજીને કારણે દેશના ૨ લાખ ૨૩ હજાર કરોડ રૂપિયા ખોટા હાથમાં જતા બચી ગયા છે.

આજનો કાર્યક્રમ ૨૧મી સદીના ભારતની ઝલક હોવાનું જણાવતા તેમણે કહ્યું કે, 'સમયની સાથે જે દેશ આધુનિક ટેકનોલોજીને નથી અપનાવતા તેવા દેશને સમય પાછળ છોડી દેતો હોય છે.આજે આપણે ગૌરવપૂર્ણ કહી શકીએ કે, ભારત ચોથી ઔદ્યોગિક ક્રાતિ, ઈન્ડસ્ટ્રી ૪.૦ની દિશા દુનિયાને બતાવી રહ્યું છે. દેશમાં દેશમાં ગરીબોને જનધન, મોબાઈલ અને આધારનો લાભ મળ્યો હોવાનું જણાવતા તેમણે કહ્યું કે, ગુજરાત ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમમાં પથદર્શકની ભૂમિકા નિભાવી રહ્યું છે. ડિજિટલ ઈન્ડિયાએ ટેકનોલોજીને વધુ સરળ બનાવી છે.

પીએમ મોદીએ કહ્યું કે, ટેક્લોનોજીનો સાચો ઉપયોગ માનવતા માટે કેટલો ક્રાંતિકારી છે, તેનું ઉદાહરણ ભારતે ડિજિટલ ઈન્ડિયા અભિયાન તરીકે વિશ્વની સામે રાખ્યું છે.

# મહારાષ્ટ્રના રાજકારણની ફાઈનલ મેચમાં પણ એકનાથ શિંદેનો વિજય

### એકનાથ શિંદેએ ૧૬૪ મત સાથે ફ્લોર ટેસ્ટ જીતી લીધો



મુંબઈ, તા.૪

મહારાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા રાજકીય ખેલના આજે ફાઈનલ મેચમાં એકનાથ શિંદે મેન ઓફ ધ મેચ બનીને આવ્યા છે. બે દિવસ પહેલા મહારાષ્ટ્રમાં બનેલી એકનાથ શિંદે સરકારના પક્ષમાં વિધાનસભામાં આજે ફ્લોર ટેસ્ટ દરમિયાન ૧૬૪ મત પડ્યા હતા. જ્યારે મહારાષ્ટમાં કુલ ૨૮૮ બેઠકોની વિધાનસભામાં સરકાર બનાવવા માટે ૧૪૫ એ જાદુઈ આંકડો છે.

તેવામાં કહી શકાય કે શિંદે સરકારે આજે તેની બીજી પરીક્ષા પણ પાસ કરી લીધી છે. રવિવારે વિધાનસભાના નવા અધ્યક્ષ મામલે વોટિંગ કરવામાં આવ્યું હતું અને તેમાં ભાજપના ધારાસભ્ય રાહુલ નાર્વેકરે વિરોધ પક્ષના ઉદ્ધવ ઠાકરે જૂથના શિવસેના ઉમેદવાર રાજન સાલ્વી વિરુદ્ધ ૧૬૪ મત મેળવીને જીત્યા હતા. રાજન સાલ્વીને ૧૦૭ મત મળ્યા હતા.

તેવામાં આજે મહારાષ્ટ્ર વિધાનસભામાં શિંદે સરકારે બીજી પરીક્ષા પણ પાસ કરી લીધી છે.

# અગ્નિપથ યોજનાને પડકારતો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

નવી દિલ્હી, તા.૪

સેનામાં ભરતીની કેન્દ્ર સરકારની નવી સ્કીમ પર હોબાળા બાદ આ મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયા છે. અગ્નિપથ યોજના સામે દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ રાજી થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે, અગ્નિપથ યોજનાને લઈને બિહાર, યુપી, હરિયાણા સહિત અનેક રાજ્યોમાં યુવાનોએ હોબાળો કર્યો હતો. અનેક ટ્રેનોને આગ ચાંપી દેવામાં આવી હતી. આ મામલે રાજ્ય સરકાર દ્વારા ઉપદ્રવીઓ વિરુદ્ધ કેસ પણ નોંધવામાં આવ્યો હતો.

અગ્નિપથ યોજનાને પડકારતી અરજી સોમવારે સુપ્રીમ કોર્ટ સામે રાખવામાં આવી હતી. અરજીકર્તાઓએ વકીલને કહ્યું કે, અગ્નિપથ યોજનામાં ભરતી પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. તેમના દ્વારા કહેવામાં આવ્યું કે, અનેક વિદ્યાર્થીઓના ભવિષ્ય દાવ પર છે. વિશેષ રૂપથી વાયુસેના માટે તૈયારી કરી રહેલા યુવાઓ માટે. વકીલે કહ્યું કે, ૨૦૧૭થી ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપવામાં આવી હતી. ટ્રેનિંગ બાદ વિદ્યાર્થીઓને આશ્વાસન આપવામાં આવ્યું હતું કે, નિમણૂક પત્ર સંમત થશે પરંતુ હવે આ યોજના લાવવામાં આવી છે. અગ્નિપથ સ્કીમ સામે અરજદારોના વકિલની દલીલો સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટની બેન્ચ સુનાવણી માટે રાજી થઈ ગઈ હતી.

# કુલ્લુમાં બસ ખીણમાં ખાબકતાં બાળકો સહિત ૧૬ પ્રવાસીનાં મોત

### મોદીએ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું, મૃતકોના પરિવારને બે લાખ, ઈજાગ્રસ્તોને ૫૦ હજાર આપવા જાહેરાત

કુલ્લૂ, તા.૪

હિમાચલ પ્રદેશના કુલ્લૂમાં મોટો અકસ્માત સર્જાયો છે. ત્યાં જણાવવામાં આવી રહ્યુ છે. તેમાંથી અત્યાર સુધીમાં ૧૬ લોકોના મોત થઈ ચૂક્યા છે. થતા રસ્તા પરથી ખીણમાં પડી હતી.

આ બસ સૈંજ ઘાટીના



સોમવારે સવારે સૈંજ ઘાટીમાં એક બસ ખીણમાં ખાબકી છે. બસમાં કુલ ૪૫ લોકો સવાર હોવાનું બસમાં કેટલાક બાળકો પણ હતા જેઓ સ્કૂલ જઈ રહ્યા હતા. આ પ્રાઈવેટ બસ રસ્તા પરથી પસાર શેંશરથી સૈંજ તરફ આવી રહી હતી. આ દરમિયાન જંગલા નામના સ્થળ પર વળાંક લેતા બસ અનિયંત્રિત થઈ ગઈ હતી અને નીચે ખીણમાં પડી ગઈ હતી.

મળતી માહિતી પ્રમાણે આ બસમાં સ્થાનિક લોકો ઉપરાંત સ્કૂલના બાળકો પણ હતા જેઓ સૈંજ સ્કૂલ તરફ આવી રહ્યા હતા.

એસપી કુલ્લુ ગુરદેવ શર્માએ જણાવ્યું કે, બસના અકસ્માતની માહિતી મળી છે અને પોલીસ ટીમને ઘટનાસ્થળે રવાના કરી દેવામાં આવી છે. આ અકસ્માત પર પીએમ નરેન્દ્ર મોદીએ પણ ટ્વીટ કર્યું છે. તેમણે કહ્યું કે, હિમાચલ પ્રદેશના કુલ્લૂમાં થયેલો અકસ્માત ખૂબ જ આઘાતજનક છે. આ દુઃખની ઘડીમાં મારી સંવેદના શોકગ્રસ્ત પરિવારો સાથે છે. હું આશા રાખું છું કે જેઓ ઘાયલ થયા છે તેઓ જલ્દી સ્વસ્થ થઈ જાય. સ્થાનિક તંત્ર અસરગ્રસ્ત લોકોને શક્ય તમામ મદદ કરી રહ્યું છે.

## GSTના વિરોધમાં વેપારીઓની નાણાંમંત્રી સમક્ષ ઉગ્ર રજૂઆત

નવી દિલ્હી, તા.૪

જીએસટી કાઉન્સિલ દ્વારા હાલમાં જ યોજાયેલી પોતાની મીટિંગમાં પેક કરેલા અથવા લેબલ લગાવેલી બધા પ્રકારની ખાદ્ય ચીજો અને કેટલીક અન્ય વસ્તુઓને જીએસટીના દાયરામાં લાવવાની ભલામણ પર દેશના ખોરાકના વેપારીઓમાં ખૂબ જ રોષ અને આક્રોશ છે અને કાઉન્સિલના આ પગલાને નાના નિર્માતાઓ અને વેપારીઓના હિતોની વિરુદ્ધ હોવાનું ગણાવ્યું છે.

અત્યાર સુધી બ્રાન્ડેડ ન હોવાથી વિશેષ ખાદ્ય ચીજો, અનાજ વગેરેને જીએસટીમાંથી મુક્તિ આપવામાં આવી હતી. કાઉન્સિલના આ નિર્ણયથી પ્રી-પેક, પ્રી-લેબલ દહીં, લસ્સી અને બટર મિલ્ક સહિત પ્રી-પેકેજ અને પ્રી-લેબલ રિટેલ પેક પર હવે જીએસટી કર લાગશે અને દેશભરમાં ૬૫૦૦થી વધુ અનાજ માર્કેટમાં અનાજના વેપારીઓના વેપારમાં મોટી અડચણ ઉભી થશે.

# ગુજરાત સતત ત્રીજી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' તરીકે જાહેર જાહેર

### ગુજરાતને વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માં પણ 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું




ગાંધીનગર, તા. ૪

આજે અશોક હોટલ, નવી દિલ્હી ખાતે વાણિજ્ય અને ઉદ્યોગ, કાપડ અને ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણના મંત્રી પીયૂષ ગોયલ દ્વારા સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગ ૨૦૨૧ના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. સતત ત્રીજી વખત ગુજરાતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મૂલ્યાંકનમાં ''બેસ્ટ પરફોર્મિંગ''ની ટોચની શ્રેણીમાં તેનું સ્થાન જાળવી રાખ્યું છે. આ કાર્યક્રમમાં ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોએ ભાગ લીધો હતો. શિક્ષણ વિભાગના અગ્ર સચિવ એસ.જે. હૈદર અને ઈન્ડસ્ટ્રીઝ કમિશનર અને સ્ટાર્ટઅપ ગુજરાત સેલના નોડલ ઓફિસરે મંત્રીના હસ્તે આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

સ્ટાર્ટઅપ ઈન્ડિયા સાથે DPIIT દ્વારા હાથ ધરવામાં આવેલ ૨૦૨૧ રેન્કિંગ ૭ વ્યાપક સુધારા ક્ષેત્રો પર આધારિત હતી જેમાં સંસ્થાકીય સમર્થન, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન, માર્કેટ એક્સેસ, ઈક્યુબેશન સપોર્ટ, ફંડિંગ સપોર્ટ, મેન્ટરશિપ સપોર્ટ અને એનેબલર્સની ક્ષમતા નિર્માણથી લઈને ૨૬ એક્શન પોઈન્ટ્સનો સમાવેશ થાય છે. રેન્કિંગની સાથે, સરકારે તમામ સહભાગીઓ માટે રેન્કિંગનો રાષ્ટ્રીય અહેવાલ, તેમજ ચોક્કસ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના અહેવાલો પણ બહાર પાડ્યા, જેમાં માળખા અને પદ્ધતિ, મૂલ્યાંકન પ્રક્રિયા અને પરિણામો સહિતના અભ્યાસની સમગ્ર સંરચનાને પ્રકાશિત કરવામાં આવી હતી.

### ગુજરાતમાં નોંધાયેલા સ્ટાર્ટઅપની સંખ્યા ૧૪,૨૦૦+ (૬.૭૦ટકા)

સ્ટાર્ટઅપ ઈન્ડિયા વેબસાઈટ અનુસાર ગુજરાતમાં ૧૪,૨૦૦ (૬.૭૦ટકા) નોંધાયેલા સ્ટાર્ટઅપ્સ છે. ગુજરાતમાંથી ૧૮૦ ઈક્યુબેટર/શૈક્ષણિક સંસ્થાઓનું વિશાળ નેટવર્ક હાલમાં ગુજરાતમાં સ્ટાર્ટઅપ્સને સમર્થન આપી રહ્યું છે. આ પહેલોને કારણે, ગુજરાતે સ્ટાર્ટ-અપ ઈન્ડિયા કાર્યક્રમના સફળ અમલીકરણમાં 'પ્રાઈમ મિનિસ્ટર એવોર્ડ ફોર એક્સેલન્સ ઈન પબ્લિક એડમિનિસ્ટ્રેશન ૨૦૧૭' પણ મેળવ્યો છે.

## સામાન્ય સભામાં..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માગવા નહિ જઈ શકો તે કાન ખોલીને સાંભળી લો... મેં બે વર્ષમાં એક પણ પત્ર ગ્રાન્ટ આપવા લખ્યો નથી પરંતુ દહેગામના હરખજીના મુવાડા બેઠકના સભ્યને તો ફાળવો બિચારા અમને ફરિયાદ કરે છે.

આ પછી ઉશ્કેરાયેલા ભાજપના સભ્યોએ મંજૂર મંજૂર કહી આગળની કાર્યવાહી હાથ ધરવા જણાવ્યુ હતુ અને ગણતરીની મિનિટોમાંજ બેઠકની કામગીરી સંપન્ન કરી દેવાઈ હતી.

આજની બેઠકમાં આંગણવાડી કેન્દ્રો અને પ્રા. શાળાઓનો વહીવટ મનપાને સોંપવાના પ્રસ્તાવો પ્રમુખસ્થાનેથી રજુ થયા હતા અને જે બહાલ રાખવામાં આવ્યા હતા.

વિપક્ષી નેતા રશ્મિનજી ઠાકોર અને અજીતસિંહે ભાજપ પર ટોણા મારતા કહ્યુ હતુ કે સરકાર તમારી છે છતાં પ્રમુખને ગાડી નથી અને પંચાયતને નવુ મકાન નથી મળતુ. બે વર્ષ પછી આવી સ્થિતિ...

રશ્મિનજી ઠાકોરે કલોલને કરાતા અન્યાયને લઈ ઉગ્ર રજુઆતો કરી હતી. રાંચરડામાં તાકીદે તલાટી મુકવા પણ તેમણે માંગ કરી હતી.

## પુરાણ કરાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના લીધે રાહદારીઓ પણ અકસ્માતનો ભોગ બન્યા હતા. આ ઉપરાંત શહેરમાં ફુટપાથ પણ ઠેર ઠેર પણ જમીનમાં ગરકાવ થઇ ગઇ હતી. જયારે હાલ શહેરમાં પાણીની નવી લાઈન નાંખવા માટે પણ ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. લાઈન પણ મોટી હોવાના લીધે તોતિંગ ખાડા ખોદવામાં આવ્યા છે. બીજીતરફ પાણીની સાથે દાયકાઓ જુની ગટર લાઈન પણ નવી નાંખવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સે-૨૮ અને સે-૨૯ માં લાઈનની કામગીરીને અનુલક્ષી ખોદકામ પણ કરવામાં આવ્યુ છે. જયારે ચોમાસા દરમિયાન સ્થાનિક રહીશોને હાલાકી ન વેઠવી પડે તે માટે તંત્ર દ્વારા લાઈનની કામગીરીના અંતે ખોદકામ બાદ યોગ્ય માટીપુરાણ પણ કરવામાં આવી રહ્યુ છે. જેમાં માટી પુરાણની સાથે કપચી નાંખીને ખાડા પુરવામાં આવ્યા છે. જેથી વરસાદના સંજોગોમાં આ ઠેકાણે માટી પોલાણ થવાની સંભાવના ઘટે તેમજ નાગરિકો કોઈપણ અકસ્માતનો ભોગ ન બને. સેકટરોના આંતરિક વિસ્તારમાં આ પ્રકારના ખોદકામના લીધે અનેકવાર વાહનો ફસાઈ જવાના કિસ્સાઓ પણ સ્થાનિકો માટે શિરદર્દ સમાન બને છે પરંતુ આ સ્થિતિને નિવારવા માટે વરસાદી દિવસોમાં તંત્રએ જે સી બી મસીન સાથે ટીમ કામે લગાડી આ પ્રકારના ખોદકામ બાદ માટી અને ડામર કપચીનુ પુરાણ કરવામાં આવી રહ્યુ છે. પાણીની લાઈનને અનુલક્ષીને પણ જે ઠેકાણે ખોદકામ થયુ હોય ત્યાં પણ યોગ્ય પુરાણ થાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## સિદ્ધુને ગોળી મારનાર શૂટરની તેના સાથી સાથે ધરપકડ

### અંકિત સિરસા તે શૂટર છે જેણે સિદ્ધૂને નજીકથી ગોળી મારી હતી અને આ પ્રિયવ્રત ફૌજી સાથે તેની ગાડીમાં જ સવાર હતો

નવી દિલ્હી, તા.૪

પંજાબી સિંગર સિદ્ધુ મુસેવાલા મર્ડર મિસ્ટ્રીમાં મોટો ખુલાસો થયો છે. દિલ્હી પોલીસની સ્પેશ્યલ સેલે સિદ્ધુને ગોળી મારનાર શૂટર અંકિત સિરસાની તેના સાથી સચિન ભિવાની સાથે ધરપકડ કરી છે.

અંકિત સિરસા તે શૂટર છે જેણે સિદ્ધૂને નજીકથી ગોળી મારી હતી અને આ પ્રિયવ્રત ફૌજીની સાથે તેની ગાડીમાં જ સવાર હતો. આ બંને લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બરારના ગેંગમાં કામ કરતા હતા. પોલીસે આની પાસેથી પંજાબ પોલીસની ત્રણ વર્દી સિવાય એક ૯એમએમ ની પિસ્તોલ, એક ૩એમએમ ની પિસ્તોલ અને ડોંગલ સાથે બે મોબાઈલ સેટ જપ્ત કર્યા છે.

ઘટનાને અંજામ આપ્યા બાદ ફૌજી અને અંકિત એક સાથે ભાગ્યા હતા. દિલ્હી પોલીસ સ્પેશ્યલ સેલની ટીમ મોટી સફળતા પ્રાપ્ત કરી છે કેમ કે સિદ્ધૂ મૂસેવાલા મર્ડર મિસ્ટ્રીમાં ૬ શૂટર્સ સામે આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર શરૂઆતમાં અંકિત અને ફૌજી બંને એક સાથે ભાગ્યા હતા. પ્રિયવ્રતને પોલીસે પહેલા જ ધરપકડ કરી લીધી હતી જ્યારે અન્ય આરોપી સચિન ભિવાની સિદ્ધુ મુસેવાલા કેસમાં ચાર શૂટરોને આશરો આપવા માટે જવાબદાર હતો.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬,૧૩૫ નવા કેસ

નવી દિલ્હી, તા.૪

દેશમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. જુલાઈ મહિનામાં સતતત ચોથા દિવસે ૧૬ હજારતી વધુ કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૬,૧૩૫ નવા કેસ નોંધાયા અને ૨૪ સંક્રમિતોના મોત થયા હતા. જ્યારે ૧૩,૯૨૯ સંક્રમિતો સાજા થયા હતા. એક્ટિવ કેસ ૧.૧૩ લાખને પાર થયા છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૪.૮૫ ટકા છે.

રવિવારે ૧૬,૧૦૩ નવા કેસ નોંધાયા અને ૩૧ સંક્રમિતોના મોત થયા હતા. શનિવારે ૧૭૦૯૨નવા કેસ નોંધાયા અને ૧૯ સંક્રમિતોના મોત થયા હતા. દેશમાં એક્ટિવ કેસ ૧,૧૩,૮૬૪ પર પહોચ્યા છે. જયારે કુલ મૃત્યુઆંક ૫,૨૫,૨૨૩ થયો છે. અત્યાર સુધીમાં ૪,૨૮,૭૯,૪૭૭ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં રસીકરણનો આંક ૧૯૭,૯૮,૨૧,૧૯૭ થયો છે, જેમાંથી ગઈકાલે ૧,૭૮,૩૮૩ ડોઝ આપવામાં આવ્યા હતા.